**વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૧૬/૦૨/૨૦૧૦ ને મંગળવાર ના રોજ બપોર ના ૧૨.૦૦ કલાકે મળેલ ૨૦૬ મી બેઠકની કાર્યવાહી નોંધ :**

બેઠકમાં નીચેના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.

(૧) અધ્યક્ષશ્રી, : અધ્યક્ષશ્રી
શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા.

(૨) મુખ્ય નગર નિયોજકશ્રી : સભ્યશ્રી
ગુજરાત રાજય
ગાંધીનગર

(૩) મુખ્ય કારોબારી અધિકારીશ્રી, : સભ્ય-સચિવશ્રી
શહેરી વિકાસ સત્તામંડળ,
વડોદરા.

બેઠકમાં કોરમ થવાથી નીચેની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

મુધ્દા નંબર (૧) : સત્તામંડળની તા. ૪/૧૧/૨૦૦૯ ની ૨૦૫ મી બેઠકની કાર્યવાહીને બહાલી આપવા બાબત.

સત્તામંડળની તા.૪/૧૧/૨૦૦૯ ની ૨૦૫ મી બેઠકની કાર્યવાહી નોંધ અત્રેના પત્ર નં.યુડીએ/મિટિંગ/૮૧૫/૦૯ તા.૦૯/૧૧/૨૦૦૯ થી સત્તામંડળના તમામ સભ્યશ્રીઓને પાઠવવામાં આવેલ છે, જે અંગે ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

ઠરાવ ક્રમાંક (૧૯૯૧): સત્તામંડળની તા.૦૪/૧૧/૨૦૦૯ ની ૨૦૫ મી બેઠકની કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુધ્દા નંબર (૨) : સત્તામંડળની તા ૦૧/૦૮/૨૦૦૯ ની ૨૦૪ મી બેઠકમાં લેવાયેલા નિર્ણયોના અમલીકરણ બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૦૧/૦૮/૨૦૦૯ ની ૨૦૪ મી બોર્ડ બેઠકમાં લેવાયેલા નિર્ણયોના અમલીકરણ અર્થે કરેલ કાર્યવાહીની વિગતો અંગે ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૧૯૯૨):** સત્તામંડળની તા.૦૧/૦૮/૨૦૦૯ ની ૨૦૪ મી બેઠકમાં થયેલ ઠરાવોની વિગતો પર થયેલ અમલીકરણની કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુધ્દા નંબર (૩) : સત્તામંડળના માહે ઓગષ્ટ-૨૦૦૯ થી ડીસેમ્બર- ૨૦૦૯ ના હિસાબોને બહાલી આપવા બાબત.**

**સત્તામંડળના માહે ઓગષ્ટ-૨૦૦૯ થી ડીસેમ્બર- ૨૦૦૯ ના આવક તથા જાવકના હિસાબો સત્તામંડળની બહાલી માટે રજુ કરાતા નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.**

**ઠરાવ ક્રમાંક (૧૯૯૩): સત્તામંડળના માહે ઓગષ્ટ-૨૦૦૯ થી ડીસેમ્બર- ૨૦૦૯ ના આવક તથા જાવકના હિસાબોને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.**

મુધ્દા નં.(૪) : સત્તામંડળનુ સને ૨૦૦૯-૧૦ નુ સુધારેલ અંદાજપત્ર તથા
સને ૨૦૧૦-૨૦૧૧ ના અંદાજપત્રને બહાલી આપવા બાબત.

સત્તામંડળનુ સને ૨૦૦૯-૧૦ નુ સુધારેલ અંદાજપત્ર તથા સને ૨૦૧૦-૨૦૧૧ નુ અંદાજપત્ર આ સાથેના પત્રકમાં સામેલ રાખેલ છે.. જે સત્તામંડળની બહાલી માટે રજુ કરાતાં ચર્ચા વિચારણા ને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

<u>ઠરાવ ક્રમાંક (૧૯૯૪):</u> સત્તામંડળનુ સને ૨૦૦૯-૧૦ નુ સુધારેલ અંદાજપત્ર તથા સને ૨૦૧૦-૨૦૧૧ નુ અંદાજપત્ર ને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

મુદ્દા નંબર ( ૫ ) : નવુ વાહન ખરીદવા બાબત

વુડા કચેરી માં હાલામાં ત્રણ વાહન ઉંપલબ્ધ છે. જે પૈકી એક મારૂતી એસ્ટીમ ગાડી નં જીજે-૬જી-૧૦૦૨ અધ્યક્ષશ્રી ના ઉંપયોગ માટે છે જ્યારે બીજુ વાહન ઇન્ડીકા જીજે-૬જી-૧૧૫૨ મુખ્ય કારોબારી અધિકારી શ્રી ના ઉપયોગમાં છે.જ્યારે ત્રીજુ વાહન ૧૧૮ એન.ઇ નં જીજે-૬-કે-૯૬૩૬ બીન ઉંપયોગી થયેલ હોઇ તેનો નિકાલ કરવા માટે કાર્યવાહી હાથ ધરેલ છે. જયારે અધ્યક્ષશ્રી ના ઉંપયોગ માટે ની મારૂતી એસ્ટીમ ગાડી નં જીજે-૬જી-૧૦૦૨ ને દશ વર્ષ કરતા વધુ સમય થયેલ છે. તેમજ તેના રીપેરીગ પાછળ પણ વારંવાર ઘણાજ ખર્ચા થાય છે જેથી તેનો પણ નિકાલ કરવાનો થાય છે તેમજ થયેલ કામગીરી ની સમીક્ષાર્થે પણ વિભાગની કચેરીઓમાં પણ જવાનું થાય છે. અન્ય હાથ પર લીધેલ પ્રોજેકટ માટે પણ એન્જીયરીગ શાખાના કર્મચારીઓ ને પણ વાહન ની ખાસ જરૂરીયાત રહે છે. પરંતુ સારા વાહનના અભાવે કામગીરીમાં અનેક અગવડો ઉભી થાય છે. અને જેના કારણે સમયમર્યાદાની કામગીરીમાં વિલંબ થાય છે જેથી નવું વાહન ખરીદવામાં આવે તો સત્તામંડળની સમયમર્યાદાની કામગીરી સરળતાથી થઇ શકે તેમ છે. ઉંપરોકત વિગતે ધ્યાને લઇ હાલમાં નિકાલ કરવાપાત્ર થતી ગાડી એન.ઇ.-૧૧૮ ની જગ્યાએ અધ્યક્ષાશ્રીની ના ઉંપયોગ માટે મારૂતી કંપનીના મોડેલ નં. શ્ર-૪ ઙ્ગ્રીં અથવા તો મહિન્દ્રા કંપની ની ઝાયલો ગાડી જેની અંદાજીત કિંમત રૂા.૮/- લાખ જેટલી છે. તે ભાવે ખરીદવા માટે નિર્ણય લેવા ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

<u>ઠરાવ ક્રમાંક (૧૯૯૫):</u> અધ્યક્ષાશ્રીની ના ઉંપયોગ માટે મારૂતી કંપનીના મોડેલ નં. શ્ર-૪ ઙ્ગ્રીં અથવા તો મહિન્દ્રા કંપની ની ઝાયલો ગાડી રૂા ૭.૫૦ લાખ ની મર્યાદામાં ખરીદવા માટે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ. અને આ અંગે ની આગળની કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી ને સુપ્રત કરવામાં આવી.

**મુધ્દા નંબર (૬) : સત્તામંડળની એન.ઈ. નં. જીજે - ૬ કે ૯૬૩૬ ના નિકાલ બાબત.**

સત્તામંડળની એન.ઈ. ગાડી નં. જીજે -૬ કે ૯૬૩૬ નો નિકાલ કરવાનો થતો હોવાથી તેની અપસેટ વેલ્યુ નકકી કરી આપવાક કાર્યપાલક ઈજનેર ઈરીગેસન મીકેનીકલને જણાવતાં સુપિંટેન્ડન્ટ એન્જીનીયરશ્રી ઈરીગેશન મીકેનીકલ સર્કલ – ૧ ધ્વારા તા: ૩૧-૦૩-૨૦૦૮ ના પત્ર થી પ્રમાણપત્રથી સદર વાહનની અપસેટ વેલ્યુ રૂા.૪૦,૦૦૦/- (અંકે રૂપિયા ચાલીસ હજાર પુરા) નકકી કરી આપવામાં આવેલ છે. પરંતુ સદર વાહનને ૨-લાખ ડી.મી. પુરા થયેલ ન હોઈ સરકારશ્રીના ગૃહવિભાગના તા. ૭-૧૨-૨૦૦૦ ના ઠરાવની જોગવાઈઓ અનુસાર વહીવટી વિભાગ ના વડાની મજુરી મેળવી રદબાતલ કરવા જણાવેલ છે. એ અનુસાર શહેરી વિકાસ વિભાગમાં સદર વાહનને રદબાતલ કરવા દરખાસ્ત કરતા શહેરી વિકાસ વિભાગના તા. ૨-૧૨-૨૦૦૯ ના પત્રથી કચેરીની પેટ્રોલ સંચાલિત પિમિયર એન.ઈ.ગાડી નં. જીજે -૬ કે ૯૬૩૬ ને રદબાતલ કરવા માટે મંજૂરી આપવામાં આવેલ છે તે અન્વયે તા. ૧૯-૧૨-૨૦૦૯ તથા ૦૬-૦૧-૨૦૧૦ ના રોજ નકકી થયેલ અપસેટ વેલ્યુ મુજબ સ્થાનિક અખબારમાં જાહેરાત આપી ઓફરો મંગાવવામાં આવેલ. પરંતુ બન્ને વખત એકપણ ઓફર અત્રેની કચેરીમાં મળેલ નથી. ટેન્ડરની માહિતી માટે રૂબરૂમાં આવેલ અરજદારોએ સદર વાહનની અપસેટ કિંમત ધણી જ ઉંચી હોવાનુ જણાવેલ છે. જેથી તેની અપસેટ વેલ્યુ ધટાડવાની જરૂરીયાત જણાય છે. અગાઉ જીપ ગાડી નં. જીજે-૬ કે-૧૬૯૫ ના નિકાલ વખતે તેની અપસેટ વેલ્યુ ઘણીજ ઉંચી હોવાથી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, સિંચાઈ યાંત્રિક પેટા વિભાગ ૧/૩ વડોદરાને નવેસરથી અપસેટ વેલ્યુ કરી આપવા જણાવતાં તેઓએ તા.૧૫-૧૧-૦૭ ના પત્રથી જણાવેલ છે કે, અપસેટ કિંમત જેટલી કે તેથી વધુ કિંમત ન આવે તો અપસેટ કિંમત ફરીથી નકકી કરવાની રહેતી નથી. જે અન્વયે રૂબરૂમાં કેટલાક અરજદારો ને પાસેથી આ અંગે ઓફર મેળવેલ છે. જે ની વિગત નીચે મુજબ છે.

| નં. | નામ | ઓફર કરેલી કિંમત |
|---|---|---|
| ૧ | પરમાર અજયકુમાર ડી | ૧૬૦૦૦/- |
| ૨ | પઢિયાર શીવાભાઈ એસ | ૧૭૫૦૦/- |
| ૩ | વરિયા હિતેશ વિજયભાઈ | ૧૮૦૦૦/- |

સબબ ઉપરોકત વિગતે ધ્યાને લઈ એન.ઈ. ગાડી નં. જીજે -૬ કે ૯૬૩૬ ની અપસેટ વેલ્યુ કેટલી ધટાડવી અથવા તો ઉપરોકત ઓફર પૈકી સોથી ઉંચી ઓફર આપનારની ઓફર સ્વીકારવી કે કેમ તે અંગે ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૧૯૯૬) : સત્તામંડળની એન.ઈ. ગાડી નં. જીજે -૬ કે ૯૬૩૬ સૌથી ઉંચી ઓફર આપનાર શ્રી હિતેશ વરીયા ની રૂા. ૧૮૦૦૦/- ઓફર સ્વીકારી તેઓને એન.ઈ. ગાડી નં. જીજે -૬ કે ૯૬૩૬ વેચાણ થી આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. અને આ અંગે ને આગળની કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી ને સુપ્રત કરવામાં આવ્યું.**

**મુધ્દા નંબર (૭ ) : વુડા કચેરીનો રેકર્ડ અધતન કરવા માટે સોફ્ટવેર તૈયાર કરાવવા બાબત.**

**વુડા કચેરી અસ્તિત્વમાં આવી ત્યારથી હાલ સુધી વુડા વિસ્તારમાં વિકાસ નિયંત્રણના ભાગરૂપે વિકાસ પરવાનગીઓ આપવામાં આવેલ છે. જેની અંદાજે ૫૦૦૦ જેટલી ફાઈલો કચેરીમાં ઉપલબ્ધ છે. આટલી મોટી સંખ્યામાં ફાઈલો હોવાને કારણે માહિતી માટે જરૂરીયાતના સમયે ફાઈલો શોધવાની સમસ્યા રહે છે તથા વીસ પચ્ચીસ વર્ષ જુની ફાઈલોના કાગળો તથા નકશાઓ પણ ફાટી જવાની શકયતાઓ રહે છે. આ સંજોગોમાં આ ફાઈલોના કાગળો તથા નકશાઓને સ્કેન કરી સોફ્ટકોપીમાં જાળવવામાં આવે તો સહેલાઈથી શોધી શકાય તેમ છે તથા કચેરીનો રેકર્ડ પણ અધતન થાય તેમ છે. આજ રીતે બોર્ડ મીટીંગની ફાઈલોને પણ સ્કેન કરી સોફ્ટકોપીમાં જાળવવી જરૂરી છે વધુમાં કચેરીમાં બહારથી આવતા પત્રો કયા ટેબલ પર ગયેલ છે તથા કયા લેવલ પર પેન્ડીંગ છે અથવા નિકાલ થયેલ છે તે અંગેની જાણકારી માટે રજીસ્ટ્રી શાખામાં પણ આવતા કાગળોને સ્કેન કરી સોફ્ટ કોપી માં જાળવવા માટે સોફ્ટવેર તૈયાર કરાવવાની જરૂરીયાત છે આથી કચેરી રેકર્ડ અધતન કરવા માટે ઉકત સોફ્ટવેરના ટેન્ડરથી ભાવો મંગાવી સોફ્ટવેર ખરીદવા અંગે વુડાબોર્ડ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થેનો મુદો સાદર રજુ.**

**<u>ઠરાવ ક્રમાંક (૧૯૯૭)</u> : વુડા કચેરી નો રકર્ડ અધતન કરવા માટે સોફ્ટવેરના ટેન્ડર થી ભાવો મંગાવી સોફ્ટવેર ખરીદવા અંગે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ અને આ અંગે ની આગળ ની કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી ને સુપ્રત કરવામાં આવી.**

**મુદ્દા નંબર : ( ૮ ) : માધવ લેબર સપ્લાયર દ્વારા લેવાતી સેવાઓની મુદતમાં વધારો કરવા બાબત.**

**સત્તામંડળની તા.૦૧/૦૮/૨૦૦૯ ની ૨૦૪ મી બેઠકના ઠરાવ ક્રમાંક (૧૯૬૯) થી વુડા ખાતે લેવાતી માધવ લેબર સપ્લાયરની સેવાઓ માર્ચ-૨૦૧૦ સુધી ચાલુ રાખવા ઠરાવવામાં આવેલ છે.**

**હાલમાં માધવ લેબર સપ્લાયર્સ મારફતે કુલ-૧૫ વ્યકિતઓની સેવાઓ લેવામાં આવે છે.તેઓ દવારા અત્રેથી રાખેલ તમામ કામદારો ને અત્રેથી ચુકવાતી રકમ પ્રમાણે તમામ ચાર્જ નુ ચુકવણું નિયમિત રીતે કરતાં હોવાનું રજુ થતાં બીલો/ રસીદો આધારે જણાઇ આવે છે.**

**ઉપરોકત વિગતો જોતા વુડા ખાતે હાલમાં માધવ લેબર સપ્લાયર્સ સેવાઓ સંતોષકારક જણાયેલ છે. વધુમાં સદર વ્યકિતઓની જુદી-જુદી શાખાની કામગીરી માટે જરૂરીયાત રહેતી હોય તેઓની સેવાઓ ચાલુ રાખવી યોગ્ય જણાતી હોઇ માધવ લેબર સપ્લાયર્સ ની સેવાઓ માર્ચ-૨૦૧૦ પછી વધુ બે વર્ષ ચાલુ રાખવા અંગે નિર્ણય લેવા મુદ્દો બોર્ડ સમક્ષ રજુ કરેલ છે.**

**ઠરાવ ક્રમાંક (૧૯૯૮) : વુડા ખાતે લેવાતી માધવ લેબર સપ્લાયરની સેવાઓ માર્ચ-૨૦૧૦ પછી વધુ બે વર્ષ એટલે કે માર્ચ-૨૦૧૨ સુધી ચાલુ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ અને આ અંગે ની આગળની કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારશ્રી ને સુપ્રત કરવામાં આવી.**

મુધ્દા નંબર ( ૯ ) : શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગમાં રોજમદાર પટાવાળાની નિમણૂંક બાબત.

શહેરી વિકાસ અને શહેરીગૃહ નિર્માણ વિભાગના તા. ૨૫-૦૧-૨૦૧૦ ના પત્રથી નીચે દર્શાવેલ વર્ગ-૪ ના કર્મચારીઓની સેવાઓ વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ હસ્તક ઉપલબ્ધ કરી તા : ૨૫-૦૧-૨૦૧૦ ની અસરથી રોજમદાર પટાવાળા તરીકે શહેરી વિકાસ વિભાગ હસ્તક ફાળવવા જણાવેલ છે.

૧. શ્રી વાઘજીભાઈ વી. દેસાઈ

૨. શ્રી એ.કે.ખરાડી

અગાઉ વિભાગ હસ્તક ફાળવેલ રોજમદારોને દિવસના ૬ કલાક સુધીના કામના માસિક રૂા.૧૩૫૦/- પ્રમાણેનું ચુકવણુ કરવામાં આવે છે તે મુજબ ઉપરોકત બંન્ને રોજમદારની સેવાઓ તા. ૨૫-૦૧-૨૦૧૦ ની અસરથી વિભાગ હસ્તક ફાળવવામાં આવેલ છે. જેને સત્તામંડળની બહાલી માટે રજુ કરાતા ચર્ચા વિચારણા ના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

ઠરાવ ક્રમાંક (૧૯૯૯) : શહેરી વિકાસ અને શહેરીગૃહ નિર્માણ વિભાગ હસ્તક રોજમદાર પટાવાળા ની ફાળવણી ની બાબત હાલ મુલત્વી રાખવા ઠરાવવામાં આવ્યુ.

મુધ્દા નંબર ( ૧૦ ) : હિસાબી અધિકારી/કચેરી અધિક્ષક ની જગ્યા એ કરારના ધોરણે નિમણૂક આપવા બાબત.

શ્રી વી.એમ. ભટ્ટી, નિવૃત અધિકારી એ વુડામાં હિસાબી અધિકારી/કચેરી અધિક્ષકની જગાએ નિમણૂંક આપવા માગણી કરેલી છે.

સત્તામંડળની હિસાબી અધિકારી ની જગ્યા તા. ૧/૭/૨૦૦૯ થી અને કચેરી અધિક્ષક ની જગ્યા તા. ૧/૬/૨૦૦૮ થી ખાલી છે.

શ્રી વી.એમ. ભટ્ટી, એ વુડા કચેરીમાં નવેમ્બર-૨૦૦૭ થી જુન-૨૦૦૯ સુધી ફરજો બજાવેલ છે. અને વયનિવૃતિના કારણોસર તા. ૩૦/૬/૨૦૦૯ ના રોજ નિવૃત થયેલ છે.

સામાન્ય વહીવટ વિભાગના ઠરાવક્રમાંક આરઈએમ/૧૦૭૭/ગ.ર તા.૨૩/૧૨/૯૬ અનુસાર વય નિવૃતિ બાદ પુન:નિયુકિત ની દરખાસ્ત વિચારણામાં લેવી નહી પરંતુ અપવાદરૂપ જુજુ કિસ્સામાં જાહેર હિતમાં પુન:નિયુકિત જરૂરી હોય અને વય નિવૃત કર્મચારીની જગાએ અન્ય કોઈ કર્મચારી ઉપલબ્ધ ન થાય અથવા નિવૃત કર્મચારી ઉત્તમ ગુણવતા ધરાવતા હોય તેઓને પુન:નિયુકિત આપવાને બદલે કરાર ના ધોરણે નિમણુંક આપવાનું ઠરાવેલ છે.

શ્રી વી.એમ. ભટ્ટી,ની જગાએ અન્ય અધિકારી ની જગાએ નિમણુંક કરવા દરખાસ્ત કરતા નિયામકશ્રી હિસાબ અને તિજોરી નિયામકશ્રી ના તા. ૨૨/૭/૨૦૦૯ નાપત્ર થી જણાવેલ છે કે, વહીવટી અનુકુળતા એ સદર જગાઓ ભરવામાં આવશે.

સત્તામંડળની હિસાબી કામગીરી માટે હિસાબી અધિકારી ની જગા હોવી ખુબજ આવશ્યક છે. તેમજ શ્રી વી.એમ. ભટ્ટી,સત્તામંડળની હિસાબી કામગીરી થી માહિતગાર હોઈ સરકારશ્રી ના ઉપરોકત ઠરાવ અન્વયે કરાર ના ધોરણે હિસાબી અધિકારી/કચેરી અધિક્ષકની ખાલી જગાએ નિમણુક આપવા અંગે ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

<u>ઠરાવ ક્રમાંક ( ૨૦૦૦)</u> : સત્તામંડળની હિસાબી કામગીરી માટે હિસાબી અધિકારીની જગાએ શ્રી વી.એન.ભટ્ટી ને સરકારશ્રીની મંજુરી મેળવી કરારના ધોરણે નિમણૂંક આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ અને આ અંગેની આગળની તમામ કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવ્યું.

મુદ્દા નંબર ( ૧૧ ) : પ્લાનીગ આસીસ્ટન્ટ ની જગ્યાએ બઢતી આપવા બાબત.

સત્તામંડળ માં સુપરવાઇઝર તરીકે ફરજ બજાવતા શ્રી વિ.એસ.ખારવા તથા શ્રી આર.સી.શાહે પ્લાનીગ આસીસ્ટન્ટની જગાએ બઢતી મળવા માંગણી કરેલી છે.

ઉપરોકત બંને કર્મચારીઓ સુપરવાઇઝર ની જગાએ પગાર ધોરણ રૂા. ૪૫૦૦-૧૨૫-૭૦૦૦ મા તેમની નામ સામે દર્શાવેલ તારીખ થી ફરજ બજાવે છે.

| અ.નં | નામ | શૈક્ષણિક લાયકાત | હાજર થયા તારીખ |
|---|---|---|---|
| ૧. | શ્રી વિ.એસ.ખારવા, સુપરવાઇઝર | સીવીલ એન્જી. (ડિપ્લોમાં) | ૦૪/૦૧/૨૦૦૨ |
| ૨. | શ્રી આર. સી. શાહ, સુપરવાઇઝર | સીવીલ એન્જી. (ડિપ્લોમાં) | ૦૪/૦૯/૨૦૦૨ |

સત્તામંડળ માં પ્લાનીગ આસી. કુલ ૭ જગા છે. તે પૈકી ૪ જગા ભરાયેલી છે, જેમા ૨ જગા ઉપર વુડા ના સીધી ભરતી ના કર્મચારીઓ ફરજ બજાવે છે અને ૨ જગા ઉપર પ્રતિનિયુકિત થી ભરાયેલ છે.

સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિમાર્ણ વિભાગ ના ઠરાવ ક્રમાંક યુડીએ/૨૫૮૭/૨૨૦૪-વી (એ) તા. ૩૦/૯/૮૮ તથા સુધારા હુકમ નં યુડીએ/૨૫૮૭/૨૨૦૪-કે થી મંજુર થઇ ને આવેલ સત્તામંડળના સીધી ભરતીના કર્મચારીઓ/અધિકારીના ભરતી બઢતીના નિયમાનુસાર પ્લાનીગ આસી.ની જગ્યા માટે નીચે મુજબ ના ધોરણ નકકી થયેલ છે.

૧ સીધી ભરતી થી

૨. જે કર્મચારી સુપરવાઇઝર/સર્વેયર તરીકે ફરજ બજાવતા હોય તેઓને યોગ્યતા અને લાયકાતના ધોરણે પ્લાનીગ આસી. જગા ઉપર બઢતી આપી શકાય

૩. પ્રતિનિયુકિત

સત્તામંડળની તા. ૧૦-૨-૧૯૮૯ ની ૭૯ મી બોર્ડ બેઠકના ઠરાવ ક્રમાંક ૬૭૧ થી વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓની ભરતી/બઢતી માટે નીચે મુજબની કમિટિની નિમણૂક કરવામાં આવેલ છે.

- મુખ્ય કારોબારી અધિકારીશ્રી
- નાયબ નગર નિયોજકશ્રી
- મેનેજરશ્રી ( હવાલો સંભાળતા અધિકારીશ્રી )(હાલમાં નાયબ કલેકટરશ્રી

ઉપરોકત બન્ને કર્મચારીઓ ભરતીના નિયમો મુબજની લાયકાતો ધરાવતા હોય તેઓને બઢતી આપવા માટે સરકારશ્રીના પ્રર્વતમાન નિયમોનુસાર બઢતી આપવા માટે સરકારશ્રીમાં દરખાસ્ત કરતા શહેરી વિકાસ વિભાગના તા.૦૧-૦૧-૨૦૧૦ ના પત્ર થી બઢતી આપવા સબધમા ભરતી નિયમો બઢતીની લાયકાત, ફીડર કેડર અને બઢતી માટેની જગ્યાઓની ઉપલબ્ધતા પરત્વે વિસ્તૃત ચકાસણી કરી બોર્ડ બેઠકમાં મૂકી નિર્ણય લેવા અને જરૂરી જણાયે સરકારશ્રીમાં દરખાસ્ત મોકલવા જણાવેલ છે.

ઉપરોકત બંને કર્મચારીઓને સુપરવાઇઝરની જગ્યાએ સાત વર્ષ કરતાં ઉપરનો સમય થયેલ છે તેમજ તેઓ ભરતીના નિયમો મુજબ પ્લાનીગ આસી.ની જગ્યા માટે તમામ લાયકાત ધરાવે છે.

ઉપરોકત વિગતો ધ્યાને લઈ શ્રી વિ.એસ.ખારવા તથા શ્રી આર.સી.શાહને પ્લાનીગ આસી જગ્યાએ બઢતી આપવા અંગે નિર્ણય લેવા ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું

ઠરાવ ક્રમાંક ( ૨૦૦૧) : સત્તામંડળ માં સુપરવાઇઝર તરીકે ફરજ બજાવતાશ્રી વિ.એસ.ખારવા તથા શ્રી આર.સી.શાહ ને પ્લાનીગ આસી.ની જગ્યાએ બઢતી આપવા માટે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું અને આ અંગેની આગળની તમામ કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવ્યું.

**મુદ્દા નંબર ( ૧૨ ) : આસી. ટાઉન પ્લાનર ની જગાએ બઢતી આપવા બાબત્**

સત્તામંડળ માં પ્લાનીંગ આસી. તરીકે ફરજ બજાવતા શ્રી જે.એમ. પટેલે આસી. ટાઉન પ્લાનર ની જગાએ તા. ૧૯/૦૯/૦૯ ની અરજીમાં દર્શાવેલ વિગતે બઢતી મળવા માંગણી કરેલ છે.
શ્રી જે.એમ.પટેલ તા. ૧/૧૨/૮૩ થી પ્લા.આસી. તરીકે ફરજ બજાવે છે. આમ છેલ્લા ૨૬ વર્ષ થી પ્લાનીંગ આસી. તરીકે સત્તામંડળમાં ફરજ બજાવે છે. તેમજ બી.ઈ. (સીવીલ) ની ડીગ્રી ધરાવે છે.

સતામંડળ માં આસી. ટાઉન પ્લાનર ની કુલ ત્રણ જગા છે તે પૈકી ૧ જગા ઉપર નગર આયોજન અને મુલ્યાંકન વિભાગના અધિકારી શ્રી એમ.જે.મકવાણા, બીજી જગા ઉપર સતામંડળ ના અધિકારી શ્રી એ.સી.વ્યાસ તથા ત્રીજી જગા ઉપર સત્તામંડળ ના અધિકારી શ્રી પી.જે.શાહ નિવૃત થતા તા.૩૧/૧૦/૨૦૦૯ થી ખાલી છે, જેનો હવાલો શ્રી જે.એમ. પટેલ સંભાળે છે.

સરકાર શ્રી ના શહેરી વિકાસ અને શહેરી ગ્રુહ નિર્માણ વિભાગ ના ઠરાવ ક્રમાંક યુડીએ-૨૫૮૭-૨૨૦૪-વી (એ) તા. ૩૦/૯/૮૮ તથા સુધારા હુકમ નં યુડીએ-૨૫૮૭-૨૨૦૪-કે થી મંજૂર થઈ ને આવેલ સત્તામંડળ ના સીધી ભરતી ના કર્મચારીઓ/અધિકારીના ભરતી બઢતી ના નિયમાનુસાર પ્લાનિંગ આસી. ની જગા ની યોગ્યતા અને લાયકાત ધરાવતા કર્મચારી ને આસી. ટાઉન પ્લાનર ની જગા એ બઢતી આપી શકાય છે.

સત્તામંડળ ની તા. ૨૨/૪/૯૯ ના રોજ શ્રી એ.સી.વ્યાસ તથા શ્રી જે.એમ.પટેલ ને બઢતી આપવા મળેલ પસંદગી સમિતિ ની બેઠક માં બંને કર્મચારીઓ બઢતી ને લાયક ઠરે છે તેમ ઠરાવવામાં આવેલ પરંતુ જે તે સમયે ફકત એક જગા ખાલી હોવાથી પ્રર્વતતા ધ્યાને લઈ શ્રી એ.સી. વ્યાસે ને બઢતી આપવા માં આવેલ છે, આમ બન્ને કર્મચારી ને તા. ૨૨/૪/૯૯ ના રોજ મળેલ પસંદગી સમિતીમાં બઢતી માટે પસંદ કરવામાં આવેલ છે. તા. ૨૨/૪/૯૯ પછીના શ્રી જે.એમ.પટેલ ના ખાનગી અહેવાલ ઘણા સારા છે અને તેઓ સામે કોઈ ખાતાકીય કે પ્રાથમિક તપાસ હાલના તબક્કે પડતર નથી.

શ્રી જે.એમ. પટેલ હાલમાં આસી. ટાઉન પ્લાનર નો ઉચત્તર પગાર મેળવે છે જેથી જો તેઓને બઢતી આપવામાં આવે તો તેઓના પગાર ધોરણમાં કોઈ તફાવત પડશે નહી અને સત્તામંડળ ઉપર કોઈ વધારા નો આર્થિક બોજો પડશે નહી. વધુમાં સદર જગા ઉપરથી વુડા ના સીધી ભરતી ના અધિકારી નિવૃત થવાથી જ ખાલી પડેલ છે. આમ શ્રી જે.એમ.પટેલ ભરતી ના નિયમાનુસાર બઢતી માટે ની તમામ યોગ્યતા ધરાવે છે.

સરકારશ્રી ના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ના તા. ૧/૧/૧૦ ના પત્ર થી સુપરવાઝર ની જગાએ થી પ્લાનીંગ આસી. જગએ બઢતી આપવા સબંધમાં ભરતી નિયમો, બઢતી ની લાયકાત, ફીડર કેડર અને બઢતી માટેની જગ્યાઓની ઉપલબ્ધતા પરત્વે વિસ્તૃત ચકાસણી કરી બોર્ડ બેઠકમાં મુકી નિર્ણય લેવા અને જરૂર જણાયે સરકારશ્રીમાં દરખાસ્ત મોકલવા જણાવેલ છે.તે બાબત શ્રી જે.એમ.પટેલ ને પ્લા.આસી. માંથી બઢતી આપવા બાબતે પણ લાગુ પડે છે. જે ધ્યાને લઈ શ્રી જે.એમ.પટેલ ને બઢતી આપવા અંગે ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**<u>ઠરાવ ક્રમાંક (૨૦૦૨)</u> :** સત્તામંડળમાં અગાઉ શ્રી એ.સી.વ્યાસ ને પ્લા.આસી. માંથી આસી.ટાઉન પ્લાનર તરીકે બઢતી આપવામાં આવેલ છે તે જ ધોરણે પ્લાનીંગ આસીસટન્ટ તરીકે ફરજ બજાવતા શ્રી જે.એમ. પટેલ ને આસી. ટાઉન પ્લાનર ની જગા એ બઢતી આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ અને આ અંગે આગળની કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી ને સુપ્રત કરવામાં આવી.

**મુધ્દા નંબર ( ૧૩ ) સ્પે. લીવ પીટીશન અપીલ નં.૩૦૬૮૪/૨૦૦૯ થી નામદાર સુપ્રિમ કોર્ટમાં દાખલ થયેલ કેસમાં એડવોકેટ તથા સિનિયર કાઉન્સીલરની નિમણુક કરવા તથા તે અંગે ચુકવવાની ફી બાબત.**

વુડા દ્ધારા તા.૧૦-૧૧-૨૦૦૯ ના રોજ સરકારશ્રીની મંજુરી અર્થે પાઠવેલ મુસધ્દારૂપ નગર રચના યોજના અંકોડીયા નં.૧ તથા ગોરવા-અંકોડીયા નં.૧ માં નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પે.સી.એ.નં.૧૧૩૫૧ /૨૦૦૯ તથા ૧૩૩૫૨/૨૦૦૯ થી કેસ દાખલ થયેલ છે. જેમાં વુડા વ્દારા મંજુર થયેલ પેનલ પૈકીના એડવોકેટશ્રીને કેસની સોપણી કરી એફીડેવીટ દાખલ કરવામાં આવેલ છે.દરમ્યાનમાં સદરહુ ટી.પી. સ્કીમમાં નામદાર સુપ્રીમકોર્ટમાં પણ સ્પેશીયલ લીવી પીટીશન અપીલ નં.૩૦૬૮૪/૨૦૦૯ થી દાખલ થયેલ છે. જેમાં વકીલ નક્કી કરવા માટે અત્રેથી અમદાવાદ ખાતે આ પ્રકારના કેસોથી પરિચિત એડવોકેટશ્રી મયુર પંડયાનો સંપર્ક કરેલ હતો તેઓના જણાવ્યા મુજબ સુપ્રિમ કોર્ટમાં સદરહુ કેસમાં એડવોકેટ ઓન રેકર્ડ તથા સીનીયર કાઉન્સીલરની નિમણુક કરવાની રહે છે. આ અગાઉ વુડા બોર્ડ દ્ધારા સુપ્રિમકોર્ટમાં કેસ લડવા માટે પેનલ નક્કી થયેલ ન હોઈ એડવોકેટ તથા સીનીયર કાઉન્સીલીરની નિમણુક કરવાની થાય તથા તેઓને આ અંગે ચુકવવાની ફી નક્કી કરવાની થશે. વુડા બોર્ડની મંજુરીની અપેક્ષાએ ઉકત સુપ્રિમ કોર્ટ કેસમાં એડવોકેટ તરીકે હેમંતીકા વાહી(જેઓ હાઈકોર્ટ કેસમાં સરકારશ્રી તરફે પણ એડવોકેટ છે)તથા સીનીયર કાઉન્સીલર તરીકે શ્રી દુશ્યન્તભાઈ દવેને આ કેસ સુપ્રત કરવામાં આવેલ છે, જેને બહાલી આપવા તથા તેઓને ચુકવવાની થતી નક્કી થનાર ફી ની મંજુરી અંગેનો મુધ્દો વુડા બોર્ડની ચર્ચા-વિચારણા તથા નિર્ણય અર્થે રજુ કરાતા ચર્ચા માં ભાગ લેતા મુખ્ય નગર નિયોજકશ્રી એ જણાવ્યુ કે એડવોકેટશ્રી એ જણાવ્યુ કે હેમંતિકાબેન વાહી ની નિમણુક સરકાર,ઔડા તથા વુડા વચ્ચે એકસુત્રતા જળવાય તેથી તેમની નિમણુક યોગ્ય છે. પરંતુ સીનીયર કાઉન્સીલર તરીકે શ્રી દુશ્યન્તભાઈ દવે બાબતે તેમની શહેરી વિકાસ અધિનિયમા બાબતેની જાણકારી અને યોગ્યતા ચકાસી લેવી જારૂરી છે તેથી તે બાબતે સંપૂર્ણ ચકાસણી કરી ત્યાર બાદ નિમણુક આપવી તેમ નક્કી કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૦૦૩) : સ્પે. લીવ પીટીશન અપીલ નં.૩૦૬૮૪/૨૦૦૯ થી નામદાર સુપ્રિમ કોર્ટમાં દાખલ થયેલકેસમાં એડવોકેટ તરીકે શ્રી હેમંતિકાબેન વાહી ની નિમણુક કરવા તથા તેઓને નક્કી થતી ફી નું ચુકવણુ કરવા તથા સિનિયર કાઉન્સીલરની તરીકે શ્રી દુશ્યન્તભાઈ દવે ની શહેરી વિકાસ અધિનિયમા બાબતેની જાણકારી અને યોગ્યતા ની સંપૂર્ણ ચકાસણી કર્યા બાદ નિમણુક આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ અને આ આગળ ની કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારશ્રી ને સુપ્રત કરવામાં આવી.**

મુધ્દા નંબર ( ૧૪ ) : નવીન " લેન્ડ ફીલ સાઈટ ફરતેનો ડેવલપમેન્ટ ઝોન નક્કી કરવા બાબત.

વડોદરા મહાનગર સેવાસદન વ્દારા મોજે મકરપુરા / જામ્બુવા ખાતે સર્વે નં.૩૪૬ ની જગ્યાને લેન્ડફીલ સાઈટ તરીકે વિકસાવવા પસંદગી કરેલ છે. આ અંગેની દરખાસ્ત સહ વિગતો વડોદરા શહેરી વિકાસ સત્તામંડળને પાઠવતા આ વિસ્તારની આજુ-બાજુના ૫૦૦ મી. સુધીના વિસ્તારને નો ડેવલોપમેન્ટ ઝોન તરીકે જાહેર કરવા રજુઆત કરેલ છે. વુડાની મુસધ્દારૂપ વ્દિતિય પુનરાવર્તિત વિકાસ યોજના કાયદાની કલમ-૧૬ હેઠળ સરકારશ્રીમાં પાઠવેલ છે. તેથી તેમાં આ તબક્કે કોઈ ફેરફાર કરવો વુડાના કાયક્ષેત્રમાં આવતો નથી તેથી વુડાની મુસધ્દારૂપ વ્દિતિય પુનરાવર્તિત વિકાસ યોજનાને મંજુર કરતી વખતે મોજે મકરપુરા સ.નં.૩૪૬ ને લેન્ડફીલ સાઈટ તરીકે દર્શાવવા તથા નકશામાં આ વિસ્તારની ફરતે ૫૦૦ મીટર વિસ્તાર દર્શાવીને તે વિસ્તારને નો-ડેવલપમેન્ટ ઝોન (ઓપન-સ્પેશ) તરીકે દર્શાવવા જરૂરી સુધારો કરવા દરખાસ્ત સરકારશ્રીમાં પાઠવવાની થાય જે અંગે ચર્ચા-વિચારણા કરી જરૂરી નિર્ણય લેવા બોર્ડ સમક્ષ મુધ્દો રજુ કરાતા ચર્ચાવિચારણા દરમ્યાન સભ્યશ્રીઓએ લેન્ડ ફીલ સાઇટ નો નકશો તથા તેની ફરતે ૫૦૦ મી. ના અંતરે નો ડેવલોપમેન્ટ ઝોન રાખવા માટે તજજ્ઞ કમિટિ એ કોઇ રિપોર્ટ આપ્યો હોય તો તેની વિગત રજુ કરવાના મુદ્દે મુદ્દો મુલત્વી રાખવામાં આવ્યો અને નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

<u>ઠરાવ ક્રમાંક (૨૦૦૪ )</u> : નવીન " લેન્ડ ફીલ સાઈટ ફરતેનો ડેવલપમેન્ટ ઝોન નક્કી કરવાના કામે લેન્ડ ફીલ સાઇટ નો નકશો તથા તેની ફરતે ૫૦૦ મી. ના અંતર ના નકશા તથા નો ડેવલોપમેન્ટ ઝોન રાખવા માટે તજજ્ઞ કમિટિ એ કોઇ રિપોર્ટ આપ્યો હોય તો તેની વિગત રજુ કરવાના મુદ્દે મુદ્દો મુલત્વી રાખવા નક્કી કરવામાં આવ્યુ

**મુધ્દા નંબર ( ૧૫ ) : વડોદરા મહાનગર સેવાસદન દ્ધારા કપુરાઈ ગામના રે.સ.નં.૯૦ વાળી જમીનમાં બાંધકામ થઈ રહેલ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટનો એપ્રોચ રસ્તો દ્ધિતિય પુનરાવર્તિત વિકાસ યોજનામાં મુકવા બાબત.**

વુડાની અગાઉની બોર્ડ બેઠક નં.૨૦૫ માં મુદ્દા નં.(૭) ઉપર મ્યુનિસિપલ કમિશ્નરશ્રી વડોદરા મહાનગર સેવાસદનના પત્ર નં.૧૪૫૬, તા.૧૦-૦૮-૨૦૦૯ થી ઞણ્ણૂરુહ્મ અંતર્ગત કપુરાઈ ખાતે રે.સ.નં.૯૦ પૈકીની સરકારી જગ્યા ૪૩ એમ.એલ.ડી. સુેઅઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટના બાંધકામ માટે વડોદરા મહાનગર સેવાસદનને ફાળવવામાં આવેલ જમીનમાં જવા આવવા માટે આસપાસની ખુલ્લી ખાનગી જમીનમાંથી બોર્ડ સમક્ષ રજુ કરેલ નકશા મુજબ એપ્રોચ રોડની જરૂરીયાત હોઈ એપ્રોચ અંગે રસ્તારેષા નક્કી થઈ તેને મંજુરીની ર્કાવાહી થવા વિનંતી કરવામાં આવેલ હતી તેના અનુસંધાને ગત બેઠકમાં ચર્ચા-વિચારણા કરી સુચવેલ રસ્તાની પથરેખા મુજબ દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજનામાં ૧૨.૦ મીટર સુચિત રસ્તો દર્શાવવા અંગેની દરખાસ્ત સરકારશ્રીમાં મોકલવા ઠરાવ નં.૧૯૮૭ થી ઠરાવવામાં આવેલ હતુ તેના અનુસંધાને અત્રેની કચેરીના પત્ર નં.યુડીએ/પ્લાન-૫/૪૯૪/૦૯, તા.૨૩-૧૧-૨૦૦૯ થી ૧૨.૦ મી. સુચિત રસ્તો મુસધ્દારૂપ દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજના મંજુર કરતી વખતે આમેજ કરવા જણાવેલ હતુ ત્યારબાદ કાર્યપાલક ઈજનેરશ્રી, વડોદરા મહાનગર સેવાસદનના પત્ર નં.૩૦૩૪, તા.૧૩-૦૧-૨૦૧૦ થી અગાઉ સુચિત કરેલ ૧૨.૦ મી. રસ્તાની પથરેખામાં ફેરફાર કરી નવી પથરેખા મુજબ ૧૨.૦ મીટર સુચિત રસ્તો મુસધ્દારૂપ દ્દિતિય પુનરાવર્તિત વિકાસ યોજનામાં દર્શાવવા જણાવેલ છે. અગાઉ સુચિત કરેલ રસ્તાવાળી જગ્યા નીચાણ વાળી હોઈ પુરાણનો ખર્ચ વધુ આવવાથી ટેકનીકલી હિતાવહ નથી. તેમ જણાવેલ છે.

ઉપરોકત મુધ્દો વડોદરા મહાનગર સેવાસદનના સુએઝ ટ્રીટમેન્ટ પ્લાનના એપ્રોચ માટે કપુરાઈની જમીનમાં ૧૨.૦ મીટર સુચિત રસ્તો મુસધ્દારૂપ દ્દિતિય પુનરાવર્તિત વિકાસ યોજનામાં અગાઉની દરખાસ્ત રદ કરી આ સાથે રજુ કરેલ દરખાસ્ત મુજબનો ફેરફાર કરવા જણાવેલ હોઈ આ મુધ્દો ચર્ચા-વિચારણા માટે સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરવામાં આવતાં બોર્ડ સમક્ષ રજુ થયેલ થયેલ નકશા બાબતે ચર્ચા વિચારણા કરી નચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

ઠરાવ ક્રમાંક (૨૦૦૫) :વડોદરા મહાનગર સેવાસદનની માલિકોની રે.સ.નં. ૯૦ વાળી જમીનમાં બાંધેલ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ માટેનો રસ્તો દ્ધિતિય પુનરાવર્તિત વિકાસ યોજનામાં અગાઉ કરેલ દરખાસ્ત મુજબનો ૧૨.૦ મી. સુચિત રસ્તો રદ કરી વડોદરા મહાનગર સેવાસદનના જણાવ્યા મુજબ બોર્ડ સમક્ષ રજુ થયેલ નકશા મુજબનો ૧૨.૦ મી.સુચિત રસ્તો દ્ધિતિય પુનરાવર્તિત વિકાસ યોજનામાં દર્શાવવા દરખાસ્ત સરકારશ્રીમાં મોકલવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ. વધુમાં આ અગે જમીન સંપાદનની કાર્યવાહી વડોદરા મહાનગર સેવાસદનએ કરવાની થાય તેમ ઠરાવવામાં આવ્યુ તે અંગે આગળની કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી ને સુપ્રત કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.